પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૯૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૧૨-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નરેન્દ્ર મોદી તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ જન્મ શતાબ્દી મહોત્સવનું ઉદઘાટન કર્યું







અમદાવાદ,

સંત પૂજય શ્રી પ્રમુખસ્વામીનો શતાબ્દી મહોત્સવનો આજથી એટલે કે ૧૪ ડિસેમ્બરથી અમદાવાદના ઓગણજ ખાતે પ્રારંભ થયો છે આ મહોત્સવ માટે સાયન્સસિટી-ઓગણજ વચ્ચે એસપી રિંગ રોડના કિનારે ૬૦૦ એકર જમીન પર સ્વામિનારાયણનગર ઊભું કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીએપીએસ આયોજિત પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવના ઉદઘાટન પ્રસંગે અમદાવાદની મુલાકાતે આવ્યા હતાં વડાપ્રધાનના અમદાવાદ ખાતે આગમન વેળાએ રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલ, પ્રોટોકોલ રાજયમંત્રી જગદિશ વિશ્વકર્મા અને અમદાવાદના મેયર કિરીટભાઈએ સ્વાગત કર્યુ હતું. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ જન્મ શતાબ્દી મહોત્સવનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહંત સ્વામીના આશીર્વાદ લીધા હતાં વડાપ્રધાને બાળકો સાથે પણ વાતચીત કરી હતી વડાપ્રધાનની સાથે રાજયપાલ અને મુખ્યમંત્રીનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મહંત સ્વામી રાજયપાલ દેવવ્રત આચાર્ય અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ બેઠા હતાં. આ પ્રસંગે પ્રાર્થના અને વેદોના શ્લોકનું વાંચન કરવામાં આવ્યું હતું અને દીપ પ્રગટાવીને મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી

આ ઉદઘાટન સમારોહ થશે. ૭.૩૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. પીએમ મોદી અને મહંતસ્વામીની નિશ્રામાં શાસ્ત્રોકત વિધિ દ્વાર પૂજાપાઠ અને વિધિ કરીને રિબીન કાપીને મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી પૂજય મહંતસ્વામી મહારાજ સહિતના સંતો અને ગુજરાતના રાજયપાલ દેવવ્રત આચાર્ય,નવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સહિતના મંત્રીઓ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે દેશ-વિદેશના હરિભક્તો અને મહેમાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ૬૦૦ એકરમાં ફેલાયેલા આ શતાબ્દી મહોત્સવનું વડાપ્રધાન મોદીએ ઉદઘાટન કર્યા બાદ આખા નગર પર હેલિકોપ્ટર મારફત ગુલાબોથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી એના માટે બીએપીએસ દ્વારા ત્રણ હેલિકોપ્ટર બુક કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત આકાશમાં કલરિંગ ફોર્મેશન પણ કરવામાં આવ્યું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મહંત સ્વામીએ સંત પૂજય શ્રી પ્રમુખસ્વામીની ૪૫ ફુટની પ્રતિમાને પુષ્પાજર્લી અર્પી હતી અહીં હાઈટેક મંચ બનાવવામાં આવ્યો હતો આ વિશિષ્ટ મંચ હતો તે બેઠા બેઠા જ સંચાલન કરવામાં આવ્યું હતું. આ મંચ પરથી તમામ આકર્ષણો નિહાળી શકાતા હતાં.અહીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રમુખ સ્વામીની પ્રતિમાને વંદન કર્યા હતાં.

તમે ચાહે સૌરાષ્ટ્રથી આવી રહ્યા હોવ કે સુરતથી... મહેસાણાથી આવી રહ્યા હોવ કે માણસાથી.. તમારા રૂટથી જ મહોત્સવ સ્થળે સહેલાઈથી પ્રવેશવા માટે કુલ ૭ પ્રવેશદ્વાર બનાવાયાં છે. આમાંથી મુખ્ય પ્રવેશદ્વાર- સંતદ્વાર તરીકે સૌથી વધુ કલાત્મક રીતે તૈયાર કરવામાં આવ્યું છે. સંતદ્વાર ૩૮૦ ફૂટ પહોળો તેમજ અનેકવિધ કલાકૃતિઓ અને વિશિષ્ટ લાઈટિંગથી શોભી રહ્યો છે. તદુપરાંત આ પ્રવેશદ્વારના વિશાળ ગવાક્ષોમાં ભારતના મહાન સંતોની ૮ ફૂટ ઊંચી પ્રતિમાઓ દર્શન આપી રહી છે. શ્રીમદ્ આદિ શંકરાચાર્ય, શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીમદ્ રામાનુજાચાર્ય, તુલસીદાસજી, નરસિંહ મહેતા, મીરાંબાઈ તેમજ ભગવાન બુદ્ધ અને શ્રી મહાવીર જેવા મહાન અવતારી પુરુષો અને સંતોની આ ૨૮ પ્રતિકૃતિ સૌને પવિત્ર પ્રેરણાઓ આપશે.અહીં લો ગાર્ડન બનાવવામાં આવ્યો હતો

દિલ્હીસ્થિત અક્ષરધામ અને અમદાવાદના આંગણે નિર્માણ પામેલા અક્ષરધારની સામ્યતા અંગે સાધુ વિવેકજીવન સ્વામીએ કહ્યું, બંનેની સામ્યતા એ છે કે બંનેના આકાર તેમ જ એમાં જે મૂર્તિઓ પધરાવી છે તો એ જ પ્રકારના એકઝેટ અવતારો, મહાપુરુષો, આચાર્યો થઈ ગયા હોઈ, તેમની મૂર્તિઓ પધરાવવામાં આવી છે. આ અસલ દિલ્હીના અક્ષરધામ જેવું જ તૈયાર કરવામાં આવ્યું છે. વર્ષથી નગર તૈયાર કરી રહ્યા છીએ. વર્ષમાં એમાંય છેલ્લા છ મહિનાની સખત મહેનત કરી છે. આ અક્ષરધામમમાં સ્ટીલ ફ્રેમ, લાકડું, પીઓપી મુખ્યત્વે મટીરિયલ વાપર્યું છે, કારણ કે આ ટેમ્પરરી છે.


આ નગરની મુલાકાતે આવનારા હરિભક્તો સહિત પ્રજા માટે નગરમાં જુદાં જુદાં સ્થળે ૩૦ પ્રેમવતી ઊભી કરવામાં આવી છે. આ પ્રેમવતીમાં સસ્તા દરે નાસ્તા સહિતની ચીજવસ્તુઓ મળશે. મહિલાઓ દ્વારા સંચાલિત આ પ્રેમવતીમાં પરોઠા-શાક, સ્વામિનારાયણ ખીચડી, ભાજીપાંઉ, દાબેલી અને સમોસાં તેમજ સેન્ડવિચ માત્ર ૨૦ રૂપિયામાં મળશે, જ્યારે નમકીનના પેકેટ માત્ર ૧૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. ૧૫મી ડિસેમ્બરથી પ્રેમવતી શરૂ થશે.


### રાજ્યમાં વાદળછાયું વાતાવરણ

## અમદાવાદ, સાબરકાંઠા સહિતના જિલ્લામાં ઠંડા પવનો ફૂંકાયા,ખેડા અને ડાકોરમાં માવઠું

અમદાવાદ,

રાજ્યના હવામાનમાં બે દિવસથી પલટો આવ્યો છે અને તેના કારણે ગુજરાતના વિવિધ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ તેમજ ઠંડા પવનોનો અનુભવ થઈ રહ્યો છે હવામાન વિભાગે જણાવ્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વાદળછાયા વાતાવરણને કારણે હાલ તો ઠંડીમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ વાદળ હટી જતા ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાક સુધી રાજ્યમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની શકયતાઓ સેવવામાં આવી રહી છે. તો સાબરકાંઠા જિલ્લામાં પણ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિતના શહેરોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળતા ખેડૂતો ચિંતામાં મૂકાયા હતા. તો મધ્ય ગુજરાતમાં ડાકોર અને ખેડામાં માવઠું થયું છે તેને પરિણામે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.





હાલમાં શાકભાજી સહિત જે ધાન્ય પાકો વાવેલા છે તેમાંથી રાજગરો, રાઈડો, તેમજ લીલા શાકભાજીની ઉપજને આ માવઠાથી નુકસાનની શક્યતા છે જેના પગલે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહેશે. રાજ્યમાં ધીરે ધીરે શિયાળો જમાવટ કરી રહ્યો છે ત્યારે મોડી સાંજથી ઠંડીનો અનુભવ થશે. તેમજ આગામી બે દિવસ વાદળ છાયું વાતાવરણ જોવા મળશે. તો આણંદમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ડિગ્રી ૨૧ અનુભવાશે. જ્યારે અરવલ્લીમાં પણ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. જ્યારે બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે. તો ભરૂચમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી અનુભવાશે.

દાહોદમાં મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી અનુભવાશે. તો ન્યૂનતમ તાપમાન ૧૮ ડિગ્રી રહેશે. તો બોટાદનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી અનુભવાશે. જ્યારે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી અનુભવાશે. જ્યારે છોટા ઉદેપુરમાં મહત્તમ તાપામાન ૨૮ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે. સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકાનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. તો ગીર સોમનાથમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી અનુભવાશે. જ્યારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે. જ્યારે કચ્છમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. તો જૂનાગઢમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી અનુભવાશે અને ઠંડકનો અનુભવ થશે. મહિસાગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી રહેશે. જ્યારે નર્મદા જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહેશે. મહેસાણામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી રહેશે. તો રાજકોટ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે.

## ભાજપ સંસદીય દળની બેઠકમાં ગુજરાતની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીતનો શ્રેય પીએમ મોદીએ સી.આર. પાટીલને આપ્યો

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીની સંસદીય દળની બેઠકમાં આજે એટલે કે, બુધવારે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મળેલી શાનદાર જીતનો જશ્ન મનાવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન ભાજપના તમામ સાંસદોએ એક સૂરમાં પ્રધાનમંત્રી મોદીને અભિનંદન કર્યા અને ગુજરાત જીતનો ક્રેડિટ આપ્યો હતો. જો કે, ગુજરાત ચૂંટણી જીત્યા બાદ મળી રહેલી શુભકામના પર પીએમ મોદીએ કહ્યું તે, આ જીતનો શ્રેય મને ન આપો. તેમણે કહ્યું કે, આ જીતનો શ્રેય સીઆર પાટિલ સાહેબને જાય છે, જેમણે આટલી મહેનત કરી, જેનાથી પાર્ટી



રેકોર્ડ સીટ સાથે વિધાનસભા ચૂંટણીમાં જીત નોંધાવામાં સફળ રહી.

પ્રધાનમંત્રી મોદીએ સીઆર પાટિલના વખાણ કરતા કહ્યું કે, તેઓ ક્યારેય મંચ પર ફોટો નથી પડાવતા, પણ સંગઠન માટે કામ કરે છે. આપને જણાવી દઈએ કે, સીઆર પાટિલ ગુજરાત ભાજપના અધ્યક્ષ છે. ગુજરાતમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૫૬ સીટ જીતી છે. જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ગુજરાતની સ્થાપના બાદ આટલી સીટો જીતનારી ભાજપ એકમાત્ર પાર્ટી છે. હકીકતમાં જોઈએ તો, સંસદના શિયાળું સત્રમાં આજે એટલે કે બુધવારે પહેલી વાર ભાજપ સંસદીય દળની બેઠક થઈ છે. આ બેઠકમાં તમામે પીએમ મોદીને ગુજરાતની જીતનો શ્રેય આપ્યો હતો. પણ પીએમ મોદીએ સીઆર પાટિલને તેના માટે અસલી હકદાર ગણાવ્યા હતા. આ ઉપરાંત પીએમ મોદીએ સંસદીય દળની બેઠકમાં જી-૨૦ની તૈયારી માટે તમામ સાંસદોને એકજૂટ કરવા અને પોતાની સહભાગિતા નક્કી કરવાની અપીલ કરી છે.

## પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં ૨૦થી વધુ સ્થળોએ આવકવેરા વિભાગના દરોડા

નવીદિલ્હી,

આવકવેરા વિભાગે બે રાજ્યોમાં મોટી કાર્યવાહી કરી છે. આઈ-ટી વિભાગે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ૨૦થી વધુ સ્થળો પર એક સાથે દરોડા પાડ્યા છે. મોંગિયા સ્ટીલ અને સલુજા સ્ટીલ કંપની સાથે સંકળાયેલા ઘણા ડિરેકટર્સના પરિસરમાં દરોડા પાડવામાં આવી રહ્યાં છે. આવકવેરા વિભાગની કાર્યવાહીના કારણે ખળભળાટ મચી ગયો છે.

આવકવેરા સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે ઝારખંડમાં રાંચી, ગિરિડીહ, દેવઘર અને અન્ય સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આવકવેરા વિભાગની ટીમ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં ચાર જગ્યાએ દરોડા પાડી રહી છે.

પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં એક સાથે દરોડાથી સર્વત્ર ખળભળાટ મચી ગયો હતો. છેલ્લા કેટલાંક દિવસોથી આવકવેરા વિભાગની ટીમ સતત દેશના અનેક વિસ્તારોમાં દરોડા પાડી રહી છે. આવકવેરા વિભાગની ટીમ ગુણવંત સિંહ મોંગિયા અને બલવિંદર સિંહના પરિસરમાં દરોડા પાડી રહી છે. સ્ટીલ કંપનીઓ અને તેમના ડાયરેક્ટર્સ સહિત અન્ય અધિકારીઓ પર કરચોરીનો આરોપ છે. આરોપોની પ્રાથમિક તપાસ બાદ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

## વિદેશ મંત્રી એસ જયશંકર ૧૧ દિવસના પ્રવાસે અમેરિકા પહોંચ્યા

નવીદિલ્હી,

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઉચ્ચ સ્તરીય બેઠક માટે ન્યૂયોર્ક પહોંચ્યા, જ્યાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કબોજ અને ન્યૂયોર્કના કોન્સ્યુલ જનરલ રણધીર જયસ્વાલે વિદેશ બાબતોનું સ્વાગત કર્યું. મંત્રી. વિદેશ મંત્રી એસ જયશંકરે તેમનો ૧૧ દિવસનો યુએસ પ્રવાસ શરૂ કર્યો છે. આ દરમિયાન તેઓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સહિત અનેક બહુપક્ષીય અને ત્રિપક્ષીય બેઠકોમાં ભાગ લેશે અને બિડેન પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે જયશંકર જી-૪ જૂથની મંત્રી સ્તરની બેઠકનું પણ આયોજન કરશે, જેમાં ભારત સિવાય બ્રાઝિલ, જાપાન અને જર્મનીનો સમાવેશ થાય છે. જયશંકર બહુપક્ષીયવાદને પુનર્જીવિત કરવા અને યુએન સુરક્ષા પરિષદમાં વ્યાપક સુધારા સુનિશ્ચિત કરવા એલ-૬૯ જૂથની 'ઉચ્ચ-સ્તરીય બેઠક'માં પણ ભાગ લેશે. એલ-૬૯ જૂથમાં એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકા, કેરિબિયાઈ અને સ્મોલ આઈલેન્ડ ડેવલપિંગ સ્ટેટ્સના દેશોનો સમાવેશ થાય છે જે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૮ થી ૨૪ સપ્ટેમ્બર સુધી ન્યૂયોર્કની તેમની મુલાકાત દરમિયાન જયશંકર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૭માં સત્રમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

## સશસ્ત્ર દળમાં મહિલાઓની ઓછી સંખ્યાનો મુદ્દો સંસદમાં ચર્ચાયો, સંસદીય કમિટીએ ચિંતા વ્યક્ત કરી

નવીદિલ્હી,

એક સંસદીય સમિતિએ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં મહિલાઓની ઓછી સંખ્યા પર નારાજગી વ્યક્ત કરી છે. માહિતી અનુસાર, સેન્ટ્રલ ઓર્મ પોલીસ ફોર્સની કુલ સંખ્યાના માત્ર ૩.૬૮ ટકા મહિલાઓ છે. સમિતિએ નોંધ્યું કે ૨૦૧૬માં, સરકારે સીઆરપીએફ અને સીઆઈએસએફમાં કોન્સ્ટેબલ-સ્તરની ૩૩% પોસ્ટ મહિલાઓ માટે અને ૧૪-૧૫% બોર્ડર સિક્યુરિટી ફોર્સ, બીએસએફ,એસએસબી અને આઈટીબીપીમાં અનામત રાખવાનો નિર્ણય કર્યો હતો. સમિતિએ કહ્યું કે એ નોંધવું નિરાશ છે કે સીએપીએફની કુલ સંખ્યાના માત્ર ૩.૬૮% મહિલાઓ છે. ભાજપના રાજ્યસભાના સભ્ય બ્રિજલાલની આગેવાની હેઠળની ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે ગૃહ મંત્રાલય દ્વારા સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં મહિલાઓની ભરતીને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો છતાં મહિલાઓની સંખ્યા ઘણી ઓછી છે. સમિતિએ ભલામણ કરી છે કે ગૃહ મંત્રાલયે સીએપીએફમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે નક્કર પગલાં ભરવા જોઈએ. ખાસ કરીને સીઆઈએસએફ અને સીઆરપીએફમાં મહિલાઓ માટે તબક્કાવાર ભરતી અભિયાન ઝડપથી હાથ ધરવામાં આવી શકે છે. મંગળવારે રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા તેના અહેવાલમાં સમિતિએ જણાવ્યું હતું કે સરહદી ચોકીઓમાં અનુકૂળ વાતાવરણ બનાવવા માટે પગલાં લેવા જોઈએ જેથી મહિલાઓ સુરક્ષા દળોમાં જોડાવા માટે પ્રેરિત થાય. સમિતિએ એવી પણ ભલામણ કરી છે કે ગૃહ મંત્રાલયે મહિલાઓને સેનામાં જોડાવાથી રોકવાના કારણોને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ અને તેમની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે વ્યવહારુ ઉકેલો લાવવા જોઈએ. અહેવાલ જણાવે છે કે આવો એક ઉકેલ મહિલાઓને (ખાસ કરીને સીઆઈએસએફ અને સીઆરપીએફમાં) તેમના વતન આસપાસ પોસ્ટ કરી શકે છે, જે તેમને આ દળોમાં જોડાવા માટે પ્રોત્સાહન તરીકે કામ કરશે અને બદલામાં તેમની ભાગીદારીમાં વધારો કરશે. સમિતિએ કહ્યું કે હાલમાં ફિલ્ડમાં તૈનાત કર્મચારીઓને ૭૫ દિવસની રજા આપવામાં આવે છે. તેને વધારીને ૧૦૦ દિવસ કરવાનો પ્રસ્તાવ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સમિતિનું માનવું છે કે મંત્રાલયે જવાનોના લાભ માટે આ પ્રસ્તાવને વહેલી તકે લાગુ કરવો જોઈએ. કમિટીએ એ પણ અવલોકન કર્યું છે કે સીએપીએફ ભારે દબાણ હેઠળ કામ કરે છે, કારણ કે તેમની ફરજોની પ્રકૃતિને કારણે કઠોર આબોહવાની પરિસ્થિતિઓમાં તેમની પોસ્ટિંગની જરૂર પડે છે. તેથી, તેમની માનસિક સ્થિતિને હળવી કરવા અને તણાવ ઘટાડવા માટે વાજબી સમયાંતરે રજા લેવી જરૂરી છે જેથી તેઓ તેમના પરિવાર સાથે સમય પસાર કરી શકે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પેનલે નોંધ્યું છે કે ગૃહ મંત્રાલય ઝછઁહ્લ કર્મચારીઓની રજા લંબાવવા પર વિચાર કરી રહ્યું છે. દરખાસ્તને સકારાત્મક રીતે ધ્યાનમાં લેવી જોઈએ અને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવું જોઈએ, કારણ કે તે CAPF ના મનોબળને વેગ આપશે.

## ફિરોઝાબાદમાં ભયાનક માર્ગ અકસ્માત.... બસ પલટી થતાં ૬ મુસાફરોના થયાં મોત, ૨૧ લોકો ઘાયલ

ફિરોઝાબાદ,

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં ડીસીએમ અને બસ વચ્ચે અથડામણમાં છ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં ૨૧ મુસાફરો ઘાયલ પણ થયા છે. આ દુર્ઘટના બુધવારે સવારે ૪.૩૦ વાગ્યે જિલ્લાના નાગલા કાહ ખંગાર પોલીસ સ્ટેશન સ્થિત આગરા-લખનૌ એક્સપ્રેસ વે પર બની હતી. પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી બસ લુધિયાણાથી રાયબરેલી જઈ રહી હતી. ફિરોઝાબાદના પોલીસ અધિક્ષક રણવિજય સિંહે જણાવ્યું કે લુધિયાણાથી રાયબરેલી જઈ રહેલી બસ આગરા-લખનૌ એક્સપ્રેસ વે પર ૬૧ કિલોમીટર દૂર નાગલા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીસીએમ સાથે અથડાઈને નીચે પડી ગઈ. તેમણે જણાવ્યું કે આ દુર્ઘટનામાં છ મુસાફરોના મોત થયા છે અને ૨૧ મુસાફરો ઘાયલ થયા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે બસમાં ૧૯ મુસાફરો છે અને તેઓ સુરક્ષિત છે. તેને બીજી બસ દ્વારા તેના ઘરે મોકલવામાં આવી રહ્યો છે. આ અકસ્માત આજે સવારે ૪.૩૦ કલાકે થયો હતો.

તા.૧૫/૧૨/૨૦૨૨
ગુરુવાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડાના મલેકપુર પંથકમાં વાતાવરણથી તુવેર અને ઘાસચારાની નુકશાનની ભીંતિ

મલેકપુર,
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર પંથકમાં વહેલી સવાર થીજ વાદળ છાયું વાતાવરણ જોવા મળ્યું હતું અચાનક જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જો માવઠું થાય તો બહુ ચણાને નુકશાન થાય તેવી ભીંતી સેવાઈ રહી છે. ખેડૂતોમાં કભી ખુશી કભી ગમ જેવી પરિસ્થિતિ




મોટા પ્રમાણમાં તુવેર જેવા પાકોને ઘાસ ચારાને નુકશાનથી ભિતિ સેવાઈ રહી છે. ડબલ સીઝનને લઈને રોગચાળો પણ વધી શકે તેમ છે.

મહીસાગર જીલ્લામાં આજે સવારથી વાતાવરણમાં એકાએક પલટો જોવા મળ્યો છે. ખાસ કરીને તુવેર, ઘઉં સહિતના પાકને નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા પંથક સહિત વાતાવરણમાં પલટો આવ્યો હતો.

## મહિસાગરના ડીટવાસની ૧૦૮ ટીમે પ્રસૃતિ માટે લઈ જતાં રસ્તામાં ટીમે પ્રસૃતિ કરાવી

મલેકપુર,
મહીસાગર જિલ્લાના એક સરસ્વા ગામનો એક કોલ મળતા ડીટવાસથી ૧૦૮ની ટીમ ઈ એમ ટી સુધાબેન ઠાકોર અને પાઈલોટ નિકુંજભાઈ જોશી લોકેશન તરફ જવા નીકળી ગયા હતા ત્યા કાજલબેન ભુરાભાઈ હરિજનને પ્રસુતિનો દુખાવો થતો હોવાથી એમ્બ્યુલન્સ મારફતે કડાણા C.H.C માં લઈ જવા નીકળી ગયા પરંતુ રસ્તામાં કાજલબેન ને વધારે દુખાવો ઉપડતા ઈએમટી સુધાબેન ઠાકોર પાયલોટને કહીને એમ્બ્યુલન્સ ઉભી રાખી ડીલેવરી કરાવી અને માતા અને બાળક બંને ને સારવાર કરી સી એસ સી કડાણા



હોસ્પિટલમાં દાખલ કરેલ અને બંને નો જીવ બચાવ્યો હતો ત્યારે ડીટવાસ ગામના પરીવારે સુધાબેન ઠાકોરને અને પાયલોટ નિકુંજ ભાઈ જોષીને લાંબા આયુષ્યના આર્શીવાદ આપ્યા.

## કચ્છના યાત્રાધામ માતાના મઢનો રૂ.૩૩ કરોડના ખર્ચે થશે કાયાકલ્પ

ભુજ,
ચૈત્રી નોરતાં, અષાઢી ગુપ્ત નોરતાં અને ખાસ કરીને આસો નોરતાંના પવિત્ર દિવસોમાં ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો આવે છે તે કચ્છના લખપત તાલુકાના માતાના મઢ ખાતે હવે આખરે રૂપિયા ૩૩ કરોડના અંદાજિત ખર્ચના જુદા જુદા વિકાસ કામોના પ્રકલ્પ વેગવાન બનાવાયા છે અને આ તમામ પ્રકલ્પોને આગામી નોરતાં સુધીમાં પૂર્ણ કરી લેવાશે. ભારત-પાકિસ્તાનની સીમા નજીક આવેલા અને રાજ્યના ઉદ્યોગોના પ્રાણવાયુ સમા હાઈગ્રેડ લિગ્નાઈટ માટે દેશભરમાં જાણીતાં થયેલા માતાના મઢ ખાતે લાખોની સંખ્યામાં પદયાત્રીઓ નવરાત્રિમાં આવતા હોવા છતાં આ યાત્રાધામ ખાતે સગવડોનો અભાવ જોવા મળે છે તેને ધ્યાનમાં લઈ ગુજરાત પ્રવાસન યાત્રાધામ બોર્ડ દ્વારા માતાના મઢ ખાતે ચાચરા કુંડ અને ખટલા ભવાની મંદિરના સંકુલ પાસેથી વિકાસકાર્યોનો પ્રારંભ કરાવી દેવાયો છે. વિકાસ યોજનાઓ હેઠળ મંદિર પરિસર પણ મોટું બનાવાશે, આ ઉપરાંત મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તેમજ તેના વિશાળ પ્રાંગણમાં સુવિધાઓ ઊભી કરાશે. આશાપુરા મંદિરની ચારેકોરથી પ્રદક્ષિણા કરી શકાય તેવી સુવિધા, વધુ સુવિધાયુક્ત અન્નક્ષેત્રની સગવડો પણ ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત ચાચર કુંડથી મંદિર સુધીનો ૨૯ મીટર પહોળો રસ્તો પણ બનાવાશે અને ચાચર કુંડને આધુનિક લાઈટિંગ અને સંગીતમય ફુવારાથી સજ્જ કરાશે. આ ઉપરાંત ખટલા ભવાની મંદિર પાસે એક બગીચો બનાવાશે, માતાના મઢ ખાતેના રૂપરાઈ તળાવનું બ્યુટીફીકેશન પણ હાથ ધરાશે. માતાના મઢ ખાતે સ્થાનિકના વ્યાપારીઓ માટે ૬૦ દુકાનો સાથેનો શોપિંગ મોલ પણ નિર્માણ પામી રહ્યો છે.

### ગુજરાતમાં ગાંજાની ખેતી સામાન્ય ?

# કપડવંજ પોલીસ ઊંઘતી રહી અને SOGએ ખેતરમાંથી ૫૫૦ કિલો ગાંજો જપ્ત કર્યો

નડિયાદ,
રાજયમાં અનેક જગ્યાએ ગાંજાની ખેતી અવારનવાર ઝડપાતી રહે છે. ત્યારે સ્પેશિયલ ઓપરેશન ગૃપએ ગતરોજ લાખોની કિંમતના ગાંજાના વેપલા પર તવાઈ બોલાવી હતી. કપડવંજના ભુતિયા તાબેના કૃપાજીના મુવાડા ગામની સીમમાં આવેલા ખેતરમાંથી એરંડા, તુવેર, કપાસના વાવેતરની આડમાં ગાંજાના છોડની ખેતીનું વાવેતર એસઓજીએ ઝડપાયું હતુ. જેને લઈ સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. એસઓજીએ ૩૩૧ નંગ છોડ કે જેની કિંમત રૂપિયા ૫૪.૯૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સને ઝડપ્યો હતો. આ પહેલા બાયડમાંથી અંદાજે ૫થી ૬ કરોડની કિંમતનો ૨૨૦૦ કિલોનો ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. ત્યારે ગુજરાતમાં ગાંજાની ખેતી સામાન્ય છે કે શું? તેવા સવાલો ઉઠી રહ્યા છે.

એસઓજીએ ગામની સીમમાં દરોડો પાડી લીલા ગાંજાના ૩૩૧ નંગ છોડ કિંમત રૂપિયા ૫૪.૯૮ લાખના કબ્જે કરી વેપલા કરતા બે સગાભાઈ સામે નાર્કોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ પ્રકરણમાં બે સગાભાઈઓ પૈકી એક પોલીસના હાથે ઝડપાઈ ગયો છે તો અન્ય એક ફરાર છે. કપડવંજ તાલુકાના ભુતિયા તાબેના કૃપાજીના મુવાડા ગામે ગેરકાયદેસર ગાંજાની ખેતી થતી હોવાની ચોક્કસ બાતમી જિલ્લાની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસને મળી હતી. જેના કારણે ગતરોજ સવારે આ બાતમીના આધારે એસઓજી પોલીસે સરકારી અને ખાનગી વાહનોમાં બેસી બાતમી વાળી જગ્યાએ પહોંચી હતી. જ્યાં કૃપાજી મુવાડાની સીમમાં આવેલા માનસિંહ સોમાભાઈ ઝાલા અને શંકર સોમાભાઈ ઝાલાના ખેતરમાં તપાસ આદરી હતી.

પોલીસે ખેતરમાંથી એરંડા, તુવેર, કપાસના વાવેતરની આડમાં ગાંજાના છોડ છુટાછવાયાં જોયા હતા. જે બાબતે માનસિંહ સોમાભાઈ ઝાલાને સાથે રાખી ખેતરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ દરમિયાન વનસ્પતિજન્ય માદક પદાર્થ છુટાછવાયાં ગાંજાના લીલા છોડ કુલ ૩૩૧ મળી આવ્યાં હતા. મોટી માત્રામાં ગાંજો જોઈ એસઓજી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ગાંજાના છોડને જમીનમાંથી ઉખાડી એફએસેલની હાજરીમાં વજન કરવામાં આવ્યું હતુ. જેનું કુલ વજન ૫૪૯ કિલો જેની કુલ કિંમત રૂપિયા ૫૪ લાખ ૯૮ હજાર છે. પોલીસે આ ગાંજા પ્રકરણમાં બન્ને સગાભાઈઓ સામે નાર્કોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ પ્રકરણમાં બે સગાભાઈઓ પૈકી એક માનસિંહ ઝાલા પોલીસના હાથે ઝડપાઈ ગયો છે તો અન્ય એક શંકર ઝાલા ફરાર છે.

બે મહિના પહેલા ખેડા જિલ્લા અને મહીસાગર જિલ્લાની સરહદે આવેલા બાયડના વાઘવલ્લા ગામે ખેતરમાં પ્રતિબંધિત કેફી દ્રવ્ય ગાંજાની ખેતી થતી હોવાની બાતમી પોલીસને મળી હતી. તેના આધારે અરવલ્લી જિલ્લા એલસીબી, એસઓજી અને બાયડ પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરતાં લગભગ પાંચ જેટલા ખેતરોમાં ગાંજાનું વાવેતર મળી આવ્યું હતું. જેને લઈને આખા વાઘવલ્લા ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જિલ્લાની મોટા ભાગની પોલીસ ઝડપાયેલા ગાંજાના ખેતર આસપાસ ખડકી દેવામાં આવી હતી. ૨૨૦૦ કિલો જેટલો ગાંજો પકડાયો હતો. વાવેતર આટલું વધુ હોવાથી ગણતરી કરવામાં પણ વાર લાગી હતી.

### ગુજરાતનો કુખ્યાત એજન્ટ ઝડપાયો

# ડીંગુચા ગામના પરિવારને અમેરિકા મોકલનારા બોબી પટેલની ભાડજ સર્કલ પાસેથી ધરપકડ

અમદાવાદ,
અમેરિકા-કેનેડા બોર્ડર પર ઘૂસણખોરી કરવાના પ્રયાસ દરમિયાન મોતને ભેટેલા પટેલ પરિવારની ઘટના બહાર આવ્યા બાદ કલોલ નજીકના ડીંગુચા ગામનું નામ આખીય દુનિયામાં ચર્ચામાં આવી ગયું છે. ડિંગુચા ગામના પરિવારના આ સભ્યોને ગેરકાયદેસર અમેરિકા મોકલનારા એજન્ટ ભરત ઉર્ફે બોબી પટેલની ગત મોડી રાત્રે ભાડજ સર્કલ પાસેથી ધરપકડ કરવામાં આવી છે.ધરપકડ બાદ SMCએ બોબી પટેલની ઓફિસ અને નિવાસ સ્થાને તપાસ કરી હતી. આ દરમિયાન SMCએ મહત્વના ડોક્યુમેન્ટ જપ્ત કર્યા હતા.



યુએસ-કેનેડા બોર્ડર પર ગત ૧૯ જાન્યુઆરીએ અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસવા જતાં ભારે ઠંડીને કારણે થીજી જવાથી મૃત્યુ પામેલાં એક બાળક સહિતની ચારેય વ્યક્તિ ગુજરાતના ડિંગુચા ગામની હોવા અંગેની પુષ્ટિ કેનેડાની મોનિટોબાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે કરી હતી. આ અંગેની માહિતી તેમણે ભારતના હાઈ કમિશનને આપી હતી. જે બાદ ભારતના હાઈકમિશને જણાવ્યું હતુ કે કેનેડાના અધિકારીઓએ ચાર મૃતકના મૃતદેહોની ઓળખ કરી લીધી છે. તેમનાં નામ જગદીશ બળદેવભાઈ પટેલ (ઉંમર-૩૯), વૈશાલીબેન જગદીશકુમાર પટેલ( ઉંમર-૩૭), વિહંગી જગદીશકુમાર પટેલ( ઉંમર-૧૧) અને ધાર્મિક જગદીશ કુમાર પટેલ (ઉંમર-૩) છે.

જે બાદ આ મામલે તપાસ કરતા એવું કારસ્તાન પોલીસને જાણવા મળ્યું છે કે જેણે ઉચ્ચ અધિકારીઓને પણ ચોંકાવી દીધા હતા. પરિવારના મૃત્યુ બાદ પોલસની તબસમાં એજન્ટ બોબી પટેલનું નામ સામે હતું. આ કેસ સાથે સંકળાયેલા ગુજરાત પોલીસના એક ઓફિસરે જણાવ્યું હતું કે, ભરત ઉર્ફે બોબી પટેલ ગુજરાતના સૌથી કુખ્યાત ઈલિગલ ઈમિગ્રેશન એજન્ટો પૈકીનો એક છે. તેની પાસે ૨૮ ગેરકાયદે પાસપોર્ટ છે અને તેમાંથી કેટલાકમાં તેની બાયોમેટ્રિક ઈન્ફોર્મેશન પણ છે. તેણે વિગતોમાં સામાન્ય ફેરફાર કરીને દેશના પશ્ચિમ ભાગમાં આવેલી પાસપોર્ટ ઓફિસોમાંથી થોડા થોડા સમયના અંતરે વિવિધ પાસપોર્ટો બનાવડાવ્યા હતા. ઉત્તર ગુજરાતમાં થયેલા આઈઈએલટીએસના પેપર કૌભાંડની તપાસમાં પણ બોબી પટેલનું નામ આવ્યું હતું. આ સમગ્ર મામલો સામે આવ્યા બાગ બોબી પટેલ વોન્ટેડ હતો.

# RBIના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન ભારત જોડો યાત્રામાં જોડાયા, રાહુલ ગાંધીનો હાથ પકડ્યો

સવાઈમાધોપુર,
આજે બુધવારે રાહુલ ગાંધીની ‘ભારત જોડો યાત્રા’નો રાજસ્થાનમાં ૧૦મો દિવસ હતો આજે બુધવારે સવાઈ માધોપુરના ભાદોતીથી ભારત જોડો યાત્રા નીકળી હતી. રાહુલ ગાંધીની યાત્રા આજે દૌસા જિલ્લામાં પ્રવેશ કરશે. આ યાત્રા સવારે ૧૦ વાગ્યે બામણવાસના બાઢહશ્યામપુરા ટોંડ પહોંચી હતી અહીં મુસાફરો ટોંડમાં બપોરનું ભોજન લીધુ હતું ત્યારબાદ યાત્રાનો બીજો તબક્કો બપોરે ૩:૩૦ વાગ્યાથી શરૂ થઈ હતી આ યાત્રામાં આરબીઆઈના પૂર્વ ગવર્નર એન. રઘુરામ રાજને પણ ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. આ યાત્રા દરમિયાન રાહુલ ગાંધી અને રઘુરામ રાજન વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. યુપીએ સરકારમાં રઘુરામ રાજનને આરબીઆઈના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. રઘુરામ રાજન આર્થિક મુદ્દાઓ પર પોતાના



નિખાલસ વિચારો માટે જાણીતા છે. એન રઘુરામ રાજને રાહુલ ગાંધી સાથે હાથ મિલાવ્યા હતો. રઘુરામ રાજને ભદોતીથી ચાલવાનું શરૂ કર્યુ અને રાહુલ ગાંધી સાથે લાંબી ચર્ચા કરી.

નોંધનીય છે કે ભારત જોડો યાત્રામાં વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓ સતત જોડાઈ રહી છે. અગાઉ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક લોકો આ યાત્રામાં ભાગ લેવા આવ્યા હતા. આ ઉપરાંત મુખ્યમંત્રી અશોક ગેહલોત, સચિન પાયલટ, ગોવિંદ સિંહ દોતાસરા અને પ્રતાપ સિંહ ખાચરિયાવાસ પણ રાહુલ ગાંધીની યાત્રામાં સાથે હતા.

તમને જણાવી દઈએ કે મનમોહન સિંહ જ્યારે પીએમ હતા ત્યારે રઘુરામ રાજનને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર બનાવવામાં આવ્યા હતા અને જ્યારથી તેઓ સત્તામાં આવ્યા છે ત્યારથી રાજન ખુલ્લેઆમ મોદી સરકારની ટીકા કરી રહ્યા છે. રાજને અનેક વખત કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર પ્રહારો કર્યા છે અને સુધારાની વાત કરી છે. આવી સ્થિતિમાં રાજનની ભારત જોડો યાત્રામાં સામેલ થયા બાદ અને રાહુલ ગાંધી સાથે તાલ મિલાવીને તેઓ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ શકે છે તેવી અટકળો લગાવવામાં આવી રહી છે.

બીજી તરફ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે મંગળવારે કહ્યું કે ૧૬ ડિસેમ્બરે યાત્રાના ૧૦૦ દિવસ પૂર્ણ થઈ રહ્યા છે, આ અવસર પર રાહુલ ગાંધી જયપુર જશે જ્યાં તેઓ તમામ યાત્રીઓ સાથે સુનિધિ ચૌહાણના મ્યુઝિક ઈવેન્ટમાં સામેલ થશે. મળતી માહિતી મુજબ, યાત્રાના ૧૦૦ દિવસ પૂરા થવાના અવસર પર કોંગ્રેસ શુક્રવારે જયપુરમાં કોન્સર્ટનું આયોજન કરશે. તે જ સમયે, પાર્ટીના મહાસચિવે એ પણ કહ્યું કે ૧૯ ડિસેમ્બરે અલવરમાં એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવશે. આ પહેલા દલિતોના મુદ્દાઓ પર કામ કરતી વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા ૩૦ જેટલા દલિત કાર્યકર્તાઓ પણ રાહુલ ગાંધીને મળ્યા હતા.

## વડોદરા નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત : ૪ લોકોના ઘટનાસ્થળે મોત

વડોદરા,
આજે વહેલી સવારે વડોદરા નજીક જરોદ ચોકડી પાસે કાર અને લેલન ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઘટનાસ્થળે જ ૪ લોકોના મોત થયા હતા. જ્યારે ૫ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ જરોદ પોલીસ અને એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પોલીસ અને એનડીઆરએફની ટીમે રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધર્યું હતું. અકસ્માતને લઈને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રાજસ્થાનનો અને હાલમાં સુરતમાં રહેતો પરિવાર પાવાગઢ મહાકાળી માતાના દર્શન કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે તેને વડોદરા નજીક જરોદ ચોકડી પાસે અકસ્માત નડ્યો હતો. જરોદ ચોકડી પાસે SUV કાર અને લેલન ટ્રક વચ્ચે અકસ્માત સર્જાર્યો હતો. અકસ્માતમાં SUV કાર કન્ટેનરની પાછળ ઘૂસી ગઈ હતી. જેમાં ઘટનાસ્થળે જ ચાર લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. એસયુવી કારમાં કુલ ૧૧ લોકો સવાર હતા. જેમાં ૮ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ જરોદ પોલીસ અને એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પોલીસ અને એનડીઆરએફની ટીમે રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધર્યું હતું. અકસ્માતને લઈને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આજે સવારે સર્જાયેલા માર્ગ અકસ્માતની ઘટનાના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક વ્યક્ત કર્યો હતો. અને રાજ્ય સરકાર દ્વારા મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા જ્યારે ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયાની જાહેરાત કરી છે.

## આપની આજ.......

મેષ : આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો. અધિકારીઓ સાથે સુમેળ વધશે.

વૃષભ : ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રુચિ વધશે.

મિથુન : આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે. આજે દૂરની યાત્રા પણ થઈ શકે છે.

કર્ક : આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો. ઉતાવળમાં મોટા નિર્ણયો ના લેશો.

સિંહ : આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય. સાંજના સમયે કોઈ વિશેષ મહેમાન આવી શકે છે.

કન્યા : આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે. મિત્રોમાં રમૂજ વધશે.

તુલા : આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે. પ્રગતિની આ ગતિ જાળવવી એ તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં પ્રતિષ્ઠાને ફટકો પડશે.

વૃશ્ચિક : તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

ધનુ : આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. આજે કોઈને પૈસા ઉધાર ના આપો, તમને તે પાછું મળશે નહીં.

મકર : આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે ઊભી રહી શકે છે.

કુંભ : આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ. વ્યાવસાયિક વિકાસથી આત્મવિશ્વાસ વધશે.

મીન : આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી. જો તમે નોકરી-ધંધા વગેરે ક્ષેત્રે સંપૂર્ણ સુધારણા ઈચ્છતા હોવ તો તમારે આળસ અને આરામનો ત્યાગ કરવો પડશે. આજે તમારે તમારા કામમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# બિહારમાં લઠ્ઠાકાંડ : ઝેરીલો દારુ પીવાથી ૧૪ લોકોના મોત; મૃતકોની સંખ્યા વધવાની સંભાવના

પટણા,
બિહારમાં ફરી એકવાર દારૂના કારણે ૧૪ લોકોના મોત થયા છે. સંબંધીઓ ઝેરી દારૂના કારણે મોતનો દાવો કરી રહ્યા છે, જ્યારે વહીવટીતંત્ર આ અંગે કશું કહી રહ્યું નથી. આ વખતે ઘટના સારણ જિલ્લાના ઈસુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ડોઈલા ગામમાં બની છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં દારુબંધી છે. મશરખ પોલીસ સ્ટેશન વિસ્તારના સંજય સિંહ, વિચેન્દ્ર રાય, અમિત રંજન અને કુણાલ સિંહ, હરેન્દ્ર રામ , રામજી સાહ અને મુકેશ શર્માના મોત થયા છે.સ્થાનિક સ્તરે સારવાર લઈ રહેલા ઘણા લોકોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે.

સોમવારે સાંજે તમામ



લોકોએ એક જગ્યાએ દારૂ પીધો હતો. આ પછી મંગળવારથી તેમની તબિયત બગડવા લાગી હતી. તમામને સાંજે મસરખ આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં સારવાર બાદ છાપરા રીફર કરવામાં આવતા ત્રણ લોકોના મોત થયા હતા. મસરખના હનુમાનગંજના રહેવાસી અજય કુમારે જણાવ્યું કે તેણે મુકેશ શર્મા સાથે દોયલા બજારમાં દારૂ પીધો હતો. એવું કહેવાય છે કે દારૂનો જથ્થો દોયલા, બહરૌલી, અમનૌર પહોંચ્યો હતો.

આ ઘટનાના વિરોધમાં રોષે ભરાયેલા ગ્રામજનોએ મૃતદેહ રાખીને મસરખ હનુમાન ચોક સ્ટેટ હાઈવે-૯૦ પર ચક્કાજામ કરી દીધો હતો. સ્થાનિક ગ્રામજનો જિલ્લા પ્રશાસન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. મશરખમાં ગ્રામજનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. નારાજ લોકોને મનાવવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ત્યાં પહોંચી ગયા છે.

બિહાર વિધાનસભાના શિયાળુ સત્રના બીજા દિવસે ગૃહમાં ઝેરી દારૂના કારણે થયેલા મોતના પ્રશ્ન પર મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુસ્સે થઈ ગયા. છપરામાં નકલી દારૂના કારણે મોતના મુદ્દે ભાજપના ધારાસભ્યો ગૃહમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. આના પર નીતીશ કુમાર ખૂબ ગુસ્સે થયા અને બૂમો પાડવા લાગ્યા- ’તમે (ભાજપ) લોકો ગંદા કામ કરી રહ્યા છો. દરેકને અહીંથી બહાર કાઢો. હવે તેને જરાય સાંખી લેવામાં આવશે નહીં. તમે લોકો નશામાં ધૂત થઈ ગયા છો. હવે સહન કરવામાં આવશે નહીં. તમે લોકો આખા બિહારમાં ગંદા કામ કરી રહ્યા છો. પહેલા શું કહેતા હતા કે જો તમે સાવધાન નહીં રહો તો બહુ ખરાબ થશે. તમે લોકો દારૂની તરફેણમાં છો. તમે ગંદા દારૂ પીને મરી રહેલા લોકોના પક્ષમાં છો. હું કંઈ બોલતો નહોતો, હવે વધુ પ્રચાર કરીશ.

નીતિશ કુમારે વધુમાં કહ્યું કે તમે લોકો પડ્યા છો, તમને કેટલું સન્માન આપવામાં આવ્યું છે, પરંતુ તમે શું કરી રહ્યા છો, તમે તમારી જાતને બરબાદ કરી રહ્યા છો. હોબાળા વચ્ચે સીએમ નીતિશ કુમાર ખૂબ જ આક્રમક દેખાતા હતા. તમે લોકોએ દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી અને આજે તમે દારૂ પીનારાઓને વળતરની માંગ કરી રહ્યા છો. આ પછી વિજય કુમાર ચૌધરીએ કહ્યું કે આ લોકોની સલાહ પર આખા ગૃહે દારૂ નહીં પીવાનો સંકલ્પ લીધો હતો, આજે તેઓ દારૂ પીનારાઓને વળતરની માંગ કરી રહ્યા છે.

વિપક્ષના નેતા વિજય સિંહાએ નીતિશ કુમારને ગૃહમાં માફી માંગવા કહ્યું. માફીની વાત સાંભળતા જ મુખ્યમંત્રીએ ફરીથી જોર જોરથી બોલવાનું શરૂ કર્યું. ભાજપના ધારાસભ્ય જય શ્રી રામના નારા લગાવતા રહ્યા. બીજેપી ધારાસભ્ય કુધાની એક ઝાંખી છે, આખું બિહાર બાકી છે.બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર હુમલાખોર હતા. તેમણે ધમકાવીને સદનના સભ્યોને બરબાદ કરવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું કે જ્યારે દારૂબંધીનો કાયદો લાવવામાં આવી રહ્યો હતો, ત્યારે બધા તેની તરફેણમાં હતા.

ગૃહમાં સવાલ પૂછતા તેમણે કહ્યું કે, જ્યારે દારૂબંધીનો કાયદો લાવવામાં આવી રહ્યો હતો ત્યારે તમે પક્ષમાં હતા કે નહીં, જવાબ આપો. મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એકવાર ગૃહની અંદર ગુસ્સામાં જોવા મળ્યા, તેમણે સદનના સભ્યોને ભગાડવાની વાત કરી. અધ્યક્ષ તરફ ઈશારો કરીને તેમણે ’ભગાઓ સબકો’ કહ્યું. ભાજપના ધારાસભ્યોના ભારે હોબાળા વચ્ચે ગૃહની કાર્યવાહી ૧૫ મિનિટ માટે સ્થગિત કરવામાં આવી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ શહેરના હાર્દસમાં MG રોડ પર ચોરીની ઘટના


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના હાર્દસમાં એમજી રોડ પર પોલીસ ચોકીની તદ્દન નજીક તેમજ સામે આવેલી ત્રણ જુદી–જુદી દુકાનોમાં ગતરોજ ચોરીના મક્કમ ઈરાદે આવેલા અજાણ્યા તસ્કરોએ ત્રણેય દુકાનો મને નિશાન બનાવી હતી.જેમાં એક દુકાન માંથી કેમેરા તેમજ ડીવીઆર સિસ્ટમને સાથે તોડફોડ તેમજ છેડછાડ કરી રોકડ રકમ તેમજ નજીકની કરિયાણાની દુકાનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ બાજુમાં આવેલી નૂર બેકરીમાં ધાબા પર બારીના સળિયા તોડી ઈમારતમાં પ્રવેશેલા તકરોએ બેકરીમાંના અંદર ત્રણ જુદા જુદા ગલ્લાઓ માંથી અંદાજે સવા લાખ ઉપરાંતના રોકડ રકમ પર હાથફેરો કરી નાસી છૂટતા ચકચાર મચી જવા પામી છે. રાત્રિના અંધારામાં પોલીસ પેટ્રોલિંગની વચ્ચે બેખોફ બની ચોરીના ઈરાદા સાથે એમજી રોડ તરફ આવેલા તસ્કરોએ પોલીસ ચોકીની બિલકુલ સામે બિન્દાસ પણે ચોરીની ઘટનાને અંજામ આપી રાત્રિના અંધારામાં છુમંતર થઈ ગયા હતા. પરંતુ દુકાનમાં ચોરી કરવા આવેલા તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરના એમ.જી. રોડ પર આવેલી નુર બેકરી, ગુજરાત મશીનરી, તેમજ હકીમુદ્દીન ચલ્લાવાલાની કરિયાણાની દુકાનમાં ગટરો રાત્રીના દોઢ વાગ્યાના પોલીસની નાઈટ પેટ્રોલિંગની વચ્ચે બેખોફ બની ચોરીના ઈરાદા સાથે આવેલા તસ્કરોએ પોલીસ તદ્દન નજીક અને સામે આવેલી ત્રણેય દુકાનો પૈકી નૂર બેકરીના ધાબા પર આવેલી બારીની ગ્રીલ તોડી દુકાનમાં પ્રવેશ્યા હતા અને દુકાનમાં દુકાનની સિલક ધાર્મિક ગલ્લો સહીત જુદા જુદા ચાર ગલ્લાઓમાંથી સવા લાખ ઉપરાંતની રોકડ રકમની ચોરીને અંજામ આપી બાજુમાં આવેલી હકીમુદ્દીન ચલ્લાવાલાની દુકાનના ધાબા પર દરવાજો તોડી પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળ જતા તસ્કરો બાજુમાં આવેલી ગુજરાત મશીનરીની દુકાનમાં પ્રવેશ કરતા દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરાઓમાં છેડછાડ કરી કેમેરા ફેરવી દીધા હતા. તેમજ ગલ્લામાંથી ૧૦૦૦ રૂપિયાની રોકડ રકમ ચોરી કરી હતી. જોકે, પરત ફરતા વેળાએ કરો કેમેરામાં કેદ થઈ ગયા હોવાનો એહસાસ થતાં કેમેરામાં લાગેલી ટીવી. તેમજ ડીવીઆર સિસ્ટમને તોડફોડ કરી દુકાનની ઉપર નાખી રાત્રિના અંધારામાં બિન્દાસ પણે ચોરીની ઘટનાને અંજામ આપી ભાગી જતા એક તરફ પોલીસને પડકાર ફેંક્યો છે. ત્યારે તારે બીજી તરફ પોલીસ ચોકીની તદ્દન નજીક ચોરીની ઘટનાથી પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. સાથે સાથે લોકોમાં ભયની સાથે ફફડાટનો માહોલ પણ જોવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ બે વર્ષ પહેલાં પણ હકીમુદ્દીન ચલ્લાવાલાની દુકાનમાં તસ્કરોએ સોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. જેમાં તસ્કરોએ ૨૦૨૦ માં હકીમુદીન ચલ્લાવાલાની દુકાનમાંથી રોકડ રકમ તેમજ કાજુ દ્રાક્ષ જેવા ડ્રાયફૂટ તથા અન્ય કરિયાણાનું સરસામાન મળી ૭૦,૦૦૦ ની ચોરીની ઘટનાને અંજામ આપી ભાગી ગયા હતા. જેની ફરિયાદ પોલીસ ફોટા તે લખાવવામાં આવી હતી પરંતુ આજ દિન સુધી તે તસ્કરો પકડાયા નથી. ત્યારે આજે પૂનઃ એક સાથે ત્રણ દુકાનોને બિન્દાસ પણે નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપી ભાગી છુટવામાં સફળ થયા છે. ત્યારે હાલ આ મામલે પોલીસને જાણ કરાતા પોલીસે ઘટના સંદર્ભે ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

## ધાનપુરના ઉમરીયા ગામના જંગલમાં ભેંસો ચરાવતી સગીરાને બાઈક ઉપર બેસાડી જઈ મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુરના ઉમરીયા ગામના જંગલમાં ભેંસો ચરાવી રહેલી ઉમરીયા ગામની સવાસોળ વર્ષીય સગીરાનું સુરપુર ગામના યુવાને પોતાના મિત્રની મદદથી મોટર સાયકલ પર બળજબરીથી બેસાડી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેણીની મરજી વિરૂદધ અવાર નવાર દુષ્કર્મ આચર્યાનું જાણવા મળ્યું છે.

ધાનપુરના ઉમરીયા ગામના પટેલ ફળિયામાં રહેતી ૧૬ વર્ષ ૩ માસની ઉંમરની સગીરા ગત તા. ૧૨–૧૦– ૨૦૨૨ના રોજ બપોરના એક વાગ્યાના સુમારે પોતાના ગામની સીમમાં ભેંસો ચરાવતી હતી. તે દરમ્યાન ધાનપુરના સુરપુર ગામના ફલોડ ફળીયાના લક્ષ્મણભાઈ રામસીંગભાઈ વહોનીયા તથા ધાનપુરના કાલીયાવાડા ગામના ખોબરા ફળિયાના દીલીપભાઈ નરસીંગભાઈ ભાભોર મોઢે રૂમાલ બાંધી મોટર સાયકલ પર ઉમરીયા ગામની સીમમાં આવ્યા હતા અને ભેંસો ચરાવવાની સગીરાને સુરપુરના લક્ષ્મણભાઈ વહોનીયાની પત્ની તરીકે રાખવા માટે બળજબરીથી મોટર સાયકલ પર બેસાડી અપહરણ કરી જુદી જુદી જગ્યાએ ગયા હતા અને તે સગીરાની મરજી વિરૂદધ લક્ષ્મણભાઈ વહોનીયાએ અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું. પીડીત સગીરા મોકો મળતાં જ આ નરાધમની ચુંગાલ માંથી ભાગીને પોતાના માવતર પાસે આવી પોતાની વિતક કરી સંભળાવી હતી. જેથી અપહરણ અને બળાત્કારનો ભોગ બનેલી પીડીત સગીરાએ આ સંબંધે ધાનપુર પોલીસ સ્ટેશને ઉપરોક્ત કેફીયત ભરી ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે સુરપુર ગામના લક્ષ્મણભાઈ રામસીંગભાઈ વહોનીયા તથા કાલીયાવાડ ગામના દીલીપભાઈ નરસીંગભાઈ ભાભોર વિરૂદધ કીડનેપીંગ વીથ રેપનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલીમાં હવામાનમાં પલ્ટો હળવો વરસાદ ખાબકતા ઠંડીનું પ્રમાણ વધ્યું



સંજેલી,

હવામાન વિભાગ દ્વારા હળવા વરસાદની આગાહી આપવામાં આવી હતી. જેને લઈ નગરમાં વાદળ છાયું વાતાવરણ સર્જાયું હતું. સંજેલીમાં ભરશિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. વહેલી સવારે હળવો વરસાદ ખાબક્યો હતો. હવે વરસાદનું પણ અચાનક આગમન થઈ જાય છે. ત્યારે સંજેલી નગરમાં આજે વહેલી સવારે ૧૦ વાગ્યેની આસપાસ હળવો વરસાદ ખાબકતા નગર ભરમાં ઠંડક ભર્યો માહોલ સર્જાયો હતો. ભરશિયાળે ચોમાસા જેવી ઋતુની અનુભૂતિ જોવા મળી હતી. સામાન્ય વરસાદ ખબકયા જાણે રોડની સેનિટાઈઝ કરીને જતો રહ્યો હોય તેવું લાગ્યું હતું. હળવો વરસાદ ખાબકતા નગરમાં ઠંડક સર્જાઈ હતી.

# ગરબાડા તાલુકાના પાંદડીમાં ડી.જે.ના તાલે ઝૂમતા જાનૈયાઓ પર મધમાખીઓનો હુમલો




તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના પાંદડી ગામેથી પસાર થતી જાન પર મધમાખીના ઝુંડે હુમલો કરતા ૧૫ થી વધુ જાનૈયાઓ ઈજાગ્રસ્ત થયા છે. મધમાખીના હુંમલામાં ઈજાગ્રસ્ત થયેલા જાનૈયાઓમાં મહિલાઓ તેમજ બાળકોનો પણ સમાવેશ થયો છે. મધમાખીના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા જાનૈયાઓને ગરબાડા તેમજ અભલોડના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી દેવામાં આવ્યા હતા. જ્યાં બે મહિલાઓ એક પુરુષ તેમજ બે બાળકોને વધુ ઈજાગ્રસ્ત હોવાથી તેઓને સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના પાંદડી ગામે ગાળા ફળિયાના રહેવાસી કરણ સંગોડના લગ્ન હોવાથી તેઓની જાન ગરબાડા તાલુકાના ભરસાડા ગામે જવાની હોઈ ડીજે ના તાલે ઝૂમતા જાન પાંદડી ગામેથી વરસાડા ગામ તરફ રવાના થઈ હતી. તે સમયે ડીજેના કર્કશ અવાજથી નજીકમાં આવેલો મધપૂડો છંછડાયો હતો અને છંછેડાયેલા મધમાખીના ઝુંડે એકાએક જાનૈયા ઉપર હુમલો કરતા ૧૫ થી વધુ જાનૈયાઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં નાના બાળકો તેમજ મહિલાનો પણ સમાવેશ થાય છે. હાલ મધમાખીના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા જાનૈયાઓ પૈકી કેટલાક જાનૈયાઓને અભલોડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ગરબાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલ્યા હતા. તેમજ બે મહિલા એક પુરૂષ તથા બે બાળકો મળી કુલ પાંચ વ્યક્તિઓની હાલત ગંભીર જણાતા તેઓને દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા.

# જેસાવાડાના બાવકા ગામે કુવા તથા બોરમાં ફીટ કરેલ ચાર પાણીની મોટરની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ બાવકા ગામે તસ્કરોએ એક જ રાતમાં કુવા તથા બોરમાં ફીટ કરેલ રૂા. ૧૫૦૦૦ની કુલ કિંમતની ચાર જેટલી પાણીની મોટર ચોરાયાનું જાણવા મળ્યું છે. બાવકા ગામના મુળકા ફળીયામાં રહેતા ફતેસીંગભાઈ મંગળાભાઈ તથા તેમના ગામના અન્ય લોકોના કુવામાં તથા બોરમાં ફીટ કરેલી રૂા.૧૫૦૦૦ની કુલ કિંમતની ચાર જેટલી પાણીની મોટરો ગત તા. ૬–૧–૨૦૨૨ના રોજ રાતના સમયે ચોરો ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે બાવકા ગામના મુળકા ફળીયામાં રહેતા ફતેસીંગભાઈ મંગળાભાઈ કોચરાએ નોંધાવેલ ફરિયાદને આધારે જેસાવાડા પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બાઈક ચોર સક્રિય થતાં વાહન ધારકોને ઉજાગર કરવાનો વારો આવ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં સક્રીય બનેલ બાઈક ચોર ટોળકીઓ પોતાનો કસબ અજમાવી પોતાના એક પછી એક કામને સફળતા પૂર્વક અંજામ આપી પોલીસ તંત્રની ઉંઘ હરામ કરી રહી છે. ત્યારે સાથે સાથે ટુ વ્હીલ વાહન છારકોને રાત્રીના ઉજાગરા કરવા મજબુર કરી રહી છે. તેવા સમયે દાહોદ જિલ્લામાં બાઈક ચોરીની ત્રણ જેટલી ફરિયાદો જે તે પોલીસ ચોપડે નોંધાયાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં બાઈક ચોરીના બનેલા ત્રણ બનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકાના મોટી ખરજ ગામના તળાવ ફળિયામાં ગત તા. ૪–૧૨–૨૦૨૨ના રોજ રાતના સમયે બનવા પામ્યો હતો. જેમાં મોટી ખરજ ગામના તળાવ ફળિયામાં રહેતા કમલેશભાઈ રતનાભાઈ સંગાડીયાની તેના ઘરના આંગણામાં લોક મારી પાર્ક કરેલ રૂા. ૨૦,૦૦૦ની કિંમતની વર્ષ ૨૦૨૧ના મોડલની લાલ તથા કાળા કલરની જીજે–૨૦ એ.એસ–૮૪૪૪ નંબરની સીડી ડીલક્ષ મોટર સાયકલ કોઈ બાઈક ચોરો ચોરીને લઈ ગયો હતો. આ સંબંધે મોટી ખરજ ગામના તળાવ ફળિયાના કમલેસભાઈ રતનાભાઈ સંગાડીયાની ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. જિલ્લામાં બાઈક ચોરીનો બીજો બનાવ જેસાવાડા પોલીસ મથક વિસ્તારમાં આવેલા ગરબાડા તાલુકાના માતવા ગામે રાતના સમયે બનવા પામ્યો હતો. જેમાં માતવા ગામે હોળી ફળિયામાં રહેતા વિજયકુમાર રાજુભાઈ ભુરાભાઈ ની તેમના ઘર આગળ સ્ટેરીંગ લોક મારી પાર્ક કરેલ રૂા. ૨૦,૦૦૦ની કિંમતની જીજે૨૦ એ.ડી–૭૫૪૧ નંબરની મોટર સાયકલ બાઈક ચોર ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે માતવા હોળી ફળિયામાં રહેતા વિજયકુમાર રાજુભાઈ ભુરાએ નોંધાવેલ ફરિયાદને આધારે જેસાવાડા પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. જ્યારે બાઈક ચોરીનો ત્રીજો બનાવ જેસાવાડા પોલીસે મથક વિસ્તારમાં આવેલ બાવકા ગામે પટેલ ફળિયામાં ગત તા. ૧૭– ૧૧–૨૦૨૨ના રોજ રાત્રીના સમયે બનવા પામ્યો હતો. જેમાં બાવકા પટેલ ફળિયામાં રહેતા સુરેશભાઈ ધનાભાઈ પરમારની પોતાના ઘરના આંગણામાં લોક મારી પાર્ક કરેલ રૂા. ૨૦,૦૦૦ની કિંમતની જીજે–૨૦ એલ–૩૩૬૭ નંબરની મોટર સાયકલનું લોક તોડી બાઈક ચોર મોટર સાયકલ ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે બાવકા ગામના પટેલ ફળિયામાં રહેતા સુરેશભાઈ ધનાભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદને આધારે જેસવાડા પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના એમ.જી.રોડ ઉપર ગટરના પાણી રેલાતા રહિશો અને રાહદારીઓ પરેશાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ હાર્દસમાં એવા એમ.જી. રોડ ખાતે ગટરના ગંદા પાણી છેલ્લા કેટલાંક દિવસોથી રોડ પર રેલાતાં વિસ્તારમાં રહેતાં રહીશો સહિત અવર જવર કરતા રાહદારીઓ અને વાહન ચાલકોને અસહ્ય દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે.

દાહોદ નગર પાલિકાના સંલગ્ન વિભાગના કર્મચારીઓની બેદરકારી અને અપૂરતી સફાઈના કારણે દાહોદના હાર્દ સમા અને ૨૪ કલાક વાહનો તેમજ લોકોની અવર–જવરથી વ્યસ્ત રહેતા એમજી રોડ પર ગટરના ગંદા દુર્ગંધ મારતા પાણી છેલ્લા કેટલાક દિવસથી રોડ પર રેલાતા આ વિસ્તારમાં ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. આ મામલે કેટલાક જાગૃત નાગરિકો દ્વારા દાહોદ નગર પાલિકાના જવાબદારોને રજૂઆત પણ કરી છે. ત્યારે આ વિસ્તારના ચારે કાઉન્સિલરો આ સમસ્યાના નિરાકરણ માટેના પ્રયાસો કરવાના બદલે પોતાની જવાબદારી માંથી છટકી આ સમસ્યાના નિરાકરણના મામલે આંખ આડા કાન કરતાં જોવા મળી રહ્યા છે. ત્યારે બીજી તરફ આ વિસ્તારના લોકો પણ આવા કાઉન્સિલરોને ચુંટી મોકલવા બદલ અફસોસ વ્યક્ત કરતા પણ જોવા મળી રહ્યા છે. એમજી રોડની વાહન પાર્કિંગની તેમજ ટ્રાફિકની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે પડતા પર પાટુની જેમ ભૂગર્ભ ગટરના ગંદા પાણી રેલાવવાની આ સમસ્યા પણ છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારના લોકોના માથાનો દુઃખાવો બની છે.

## દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો RCC રોડ બિસ્માર થયો : થીગડા થાગડી કર્યા વગર હવે તો બનાવા રહ્યો

દે.બારીયા,

દે.બારીયા શહેરના લગભગ તમામ વિસ્તારોના નવિન રોડ તૈયાર થઈ ગયા છે. ગેસ પાઈપ લાઈન નાખીયા બાદ પણ અમુક રોડ રીપેર થયા બીજા નવિન બનાવવામાં આવ્યા છે. અમુકમાં સળીયા તદ્દન વાપરવા આવ્યા નથી. અનુમ વી.આઈ.પી. વિસ્તારોમાં સારા મટીરીયલ સાથ ગુણવત્તાના શરતો માપદંડ રાખવાની તકેદારી પણ રાખી છે. તે તો તપાસનો વિષય છે પણ....

દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો રોડને બને ૫ થી ૭ વર્ષ સમય થયા આવ્યો. તેમ છતાં થીગડા થીગડી ચાલી રહી છે. આ રોડ પાવાગઢના યાત્રાળુઓ માટે શોટ કટનો રોડ સાબિત થાય છે. તેથી ૫૦ કિ.મી.ની આસપાસ કિલોમીટરનો ફાયદા નાકારણે યાત્રાળુઓ આ શોર્ટકટનો વધારે ઉપયોગ કરતા હોય છે. જેથી બિસ્માર થયે તો રોડ કયારે બનાવશે તે યક્ષ પ્રશ્ન છે. સદર રોડ શહેરના પ્રવેશના સ્થળે ખૂબ ખાડા પડી ગયા છે. જ્યારે ટાવર થી રમત ગમત સંકુલના સામે મસમોટા ખાડા પડી ગયા હોવાના કારણે બાઈક સવારોનું બેલેન્સ કાબુમાં રખાતું નથી. જેથી મોટી દુર્ઘટના થાય તેવી ભીંતિ સેવાઈ રહેલી છે. લીમખેડા સ્થિત માર્ગ અને મકાન વિભાગીય કચેરીના હેઠળ આવતો આ નેશનલ હાઈવેને કયારે નવો એપ્રોચ રોડ બનાવાશે. કાર્ય પાલક આ રોડનું નિરક્ષણ કરવા માટે કયારે આવશે અને થીગડા નહી પુરાણ નહી પરંતુ નવિન એપ્રોચ તો બનાવવા માટે સોચ વિચાર કરે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

## સંજેલી તાલુકાની વિવિધ આંગણવાડીમાં મમતા દિવસ નિમિત્તે વિવિધ રોગો વિશે માહિતગાર કર્યા


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય વિભાગના કર્મીઓ દ્વારા ઉત્તમ કામગીરીના રૂપે ગ્રામ્ય વિસ્તારની પ્રજાને વિવિધ રોગો વિશે માહિતગાર કરી સચેત કરવામાં આવી રહ્યા છે. ત્યારે સંજેલી ખાતે તાલુકા આરોગ્ય અધિકારી ડો.હિતેશ ચારેલના માર્ગદર્શન મુજબ દાહોદ જીલ્લામાં બીજા જિલ્લા કરતા એનિમિયાની પ્રમાણ વધારે હોઈ મમતા દિવસના રોજ વિવિધ આંગળવાડી કેન્દ્ર પર આરોગ્ય કર્મચારીઓ દ્વારા તાલુકાની વિવિધ આંગળવાડી પર આયર્ન ફોલીક એસિડ સીરપ, સ્તનપાનનું મહત્વ, સુપોશિત આહાર, એનિમિયાના લક્ષણો, બાળકોમાં ન્યૂમોનિયા વિશે વિડિયો બતાવી સહજતા પૂર્વક નાગરિકોને સમજણ આપી રોગોના લક્ષણ વિશે અવગત કર્યા હતા. તેમજ રોગોના ઉપચાર વિશે નાગરિકોને માહિતગાર કર્યા હતા. જેમાં આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા સહજતા પૂર્વક નાગરિકોને સમજણ આપવામાં આવી હતી.

## ગરબાડામાં નલ સે જલ યોજનાની અધુરી કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા ગ્રામ પંચાયત દ્વારા યુનિટ મેનેજર વાસ્મોને બે વાર લેખિત રજૂઆત છતાં પરિણામ શૂન્ય

ગરબાડા,

ગરબાડામાં છ માસ અગાઉ નલ સે જલ યોજનાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી. જે કામગીરી દરમિયાન ગામના જુદા જુદા વિસ્તારોમાં યોજનાને લઈને ઘણી ઠેકાણે નુકશાન થયું હતું. જેમકે વોર્ડ નંબર–૧૨ માં અધુરી કામગીરી તો મઢી ફળિયા વિસ્તાર થી સ્ટેશન રોડ તથા ઝાડ ચોક સુધી જુના તમામ કનેક્શન તોડી નાખેલ જ્યાં હાલમાં પણ નવીન કામગીરી ન કરાતા નળ લાઈન બંધ છે. દ્વારા એજન્સીના કામો પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે કે, એજન્સી દ્વારા કામ બરાબર કરવામાં આવતું નથી અને બંધ કરેલ કામ સત્વરે ચાલુ કરવામાં આવે તેવું પણ રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ગરબાડાના ઘરમાં ૮૦–૮૫ ની સાલમાં નળ લાઈન નાખવામાં આવી હતી. અત્યંત જર્જરીત થઈ ગઈ છે. જ્યારે પણ નળ આપવામાં આવે છે. ત્યારે પહેલા ગટરનું દૂષિત પાણી આવે છે. જે નવીન નળ લઈને માટે પણ રજૂઆત કરવામાં આવી છે. સત્વરે આ નવીન નળ લાઈન ને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવે તો ગરબાડા નગરમાં લોકોની પાણીની સમસ્યાનો સુખદ અંત આવે તેમ છે. હાલમાં ગરબાડા ખાતે પાણીની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. તેમ લાગી રહ્યું છે.

## ગરબાડા તાલુકાના વડવા ખાતે ભાભી તમે ડાકણ છો તેમ કહી મહિલાને માર મારતા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ

ગરબાડા,

ગરબાડા તાલુકાના વડવા ગામના ગાળા ફળિયા ખાતે પંકજભાઈ મલાભાઇ માવી તથા શકરાભાઈ મલાભાઇ માવી નબળીબેનને તમે ડાકણ છો અને અમારા ઘરના માણસોને બીમાર પાડો છો તેમ કહી ગમે તેમ ગાળો બોલી પંકજભાઈ મલાભાઇ માવીએ નબળીબેનને શરીરના તથા પેટના ભાગે પાવડાનો માર મારી અને શકરાભાઈ મલાભાઇ માવીએ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાશી ગયા હતા. ઈજાગ્રસ્ત નબળીબેનને ૧૦૮ મારફતે સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં પાંચ દિવસ રાખ્યા પછી નિકાલ નહીં થતા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લીમખેડા ખાતે અંગ્રેજી વ્યાખ્યાતાની ભરતી બાબત

લીમખેડા,

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લીમખેડા ખાતે બે વર્ષના વ્યવસાયમાં બીજા વર્ષના તાલીમાર્થીઓને ધોરણ ૧૨ અંગ્રેજી વિષય ભણાવવા માટે તદ્દન હંગામી ધોરણે પ્રવાસી અંગ્રેજી વ્યાખ્યાતાની જરૂર હોય એમ.એ., બી.એડ, બી.એ. બી.એડ (મુખ્ય વિષય અંગ્રેજી) ની લાયકાત ધરાવતા ઉમેદવારોને જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લીમખેડા ખાતે આવેદન પત્રો રૂબરૂ જમા કરવા જણાવવામાં આવે છે. અંગ્રેજી વિષય સાથે એમ.એ., બી.એડ, બી.એ. બી.એડ હોય અને એમબીએ કરેલું હોય તેવા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. સરકારના નિયમ મુજબ પીરીયડ દીઠ કલાકના રૂ. ૯૦ લેખે માનદ્વવેતન આપવામાં આવશે. તેમ લીમખેડા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## બાવકા ગામ ખાતેથી અજાણ્યા ઈસમો દ્વારા મોટરસાયકલની ચોરી થતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

ગરબાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના બાવકા ગામના સુરેશભાઈ ધનાભાઈ પરમાર રાત્રીના ના સમયે તેઓના ઘર આગળ પોતાની લષ ૨૦ એલ ૩૩૬૭ નંબર ની ટુ વ્હીલર બાઈક લોક મારીને ઊંઘી ગયા હતા. તે દરમિયાન રાત્રિના સમયે અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી લઈ ગયા હતા અને સવારના સમયે સુરેશભાઈ જાગીને ઘરની બહાર નીકળતા તેઓને મોટરસાયકલ જોવા ન મળતા તમે આજુબાજુ ફળિયામાં તપાસ કરાવી હતી પરંતુ તેઓની બાઈક ન મળતા સુરેશભાઈ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.97

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચહાલ અને દાહોદની હદમાં આવતાં

# લવારીયા ગામમાં રીંછનો આતંક ૫ વ્યકિતને તેમજ ૩ બળદોને બચકા ભર્યા





### રીંછના હુમલામાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડયા

ગોધરા, પંચમહાલ દાહોદ જીલ્લાની હદ વિસ્તારમાં આવેલ લવારીયા ગામમાં રીંછનો આતંક જોવા મળ્યો છે. ગામના વિવિધ વિસ્તારમાં રીંછે ચાર વ્યકિતઓ તેમજ ૩ બળદને બચકાં ભરી ઈજાઓ કરતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ અને દાહોદ જીલ્લાની હદમાં આવેલ લવારીયા ગામમાં રીંછનો આતંક વધવા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. લવારીયા ગામના વિવિધ વિસ્તારમાં રીંછે દોડધામ કરી ચાર વ્યકિતઓને બચકા ભરી ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ત્રણ બળકોને બચકા ભરી ઈજાઓ કરી હતી. ૩ વ્યકિતઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે વ્યકિતને ગંભીર ઈજાઓને લઈ વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યા. રીંછના હુમલાના બનાવની જાણ થતાં વન વિભાગની ટીમ ગામમાં દોડી આવી હતી. રીંછ ગજાપુરા ગામની સીમમાં ઝાડીમાં સંતાઈ ગયેલ હોય જેને ગામ લોકો એકત્રિત થઈને રીંછને ભગાડવા ગયા હતા. દરમિયાન રીંછે એક વ્યકિત ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આમ, રીંછના હુમલામાં પાંચ વ્યકિતઓને ઈજાઓ કરતાં વન વિભાગની ટીમ રીંછને પકડવા માટે કવાયત હાથ ધરી છે.

અમને સવારે ૯ વાગે જાણ થતાં વન વિભાગની ટીમ પહોંચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારને વન વિભાગની ટીમ દ્વારા કોર્ડન કરી દેવામાં આવ્યા છે. વન વિભાગની ટીમ દ્વારા ગ્રામજનોને રીંછ વિશેની સમજણ આપવામાં આવે છે અને આ વિસ્તાર છોડી દેવાની સુચના પણ આપવામાં આવી છે અને ગ્રામજનોને અપીલ કરવામાં આવી છે કે, જયારે પણ રીંછ દેખાય તો વન વિભાગનો સંપર્ક કરવો અને આ રીંછને બે પાંજરા મૂકી અને પકડવાની કોશીષ કરી રહ્યા છે. ત્યારે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી સાંજના સમયે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરવામાં આવશે. ત્યારબાદ લોકોને જાણ કરવામાં આવશે.
RFO આર.એમ. પુરોહિત, દે.બારીયા...

## ગોધરા પાલિકાના માજી પાલિકા સભ્ય દ્વારા ધારાસભ્ય સી.કે.રાઉલજીને અભિનંદન પાઠવી વોર્ડ નં.૧૦ના વિવિધ પ્રશ્નોનો યોગ્ય નિરાકરણ માટે લેખિત રજુઆત કરી

ગોધરા, ગોધરા વિધાનસભા બેઠક ઉપર થી વિજેતા થયેલ ભાજપના ધારાસભ્યને માજી નગર પાલિકા સભ્ય દ્વારા અભિનંદનપત્ર લખીને ગોધરાના વોર્ડ નં.૧૦ના વિવિધ પ્રશ્નોનો સુઃખદ્દ ઉકેલ લાવવામાં રજુઆત કરી છે.

ગોધરા વિધાનસભા બેઠક ઉપર વિજેતા થયેલ ભાજપના ધારાસભ્ય સી.કે.રાઉલજીને પાલિકાના માજી સભ્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા સાથે ગોધરા પાલિકાના વોર્ડ નં.૧૦ના સ્વર્ણિમ સર્કલ થી મૈત્રી સર્કલ, લીલેસરા ગામથી હદ થી કોઠી ચોકડી થઈ તૃપ્તિ હોટલ સુધી ડિવાઈડર વીજપોલ નાખી એલ.ઈ.ડી. લાઈટનું કામ ખૂબ કરવામાં આવે. વોર્ડ નં.૧૦ આવેલ સર્વે નં.૪૨૯ની સાડા પાંચ એકર જેવી જગ્યાએ જે લુણસા તળાવ તરીકે ઓળખાય છે. જેની માપણી કરવી પાલિકા દ્વારા બોર્ડ મારવામાં આવ્યું છે. તે તળાવનું બ્યુટીફિકેશન કરાવી આ જગ્યાનો અમૃત યોજના અંતર્ગત લોકહીત માટે ગાર્ડન બનાવવામાં આવે તો શોભા વધે તેમજ રોજગારી પણ ઉભી થાય તેમ છે. ગોન્દ્રા ગુજરાતી શાળા હાલ ભાડાના મકાનમાં કાર્યરત છે. આ શાળામાં ધોરણ ૧ થી ૮ના લગભગ ૧૭૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સરકાર દ્વારા જમીન અને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તે શાળાના બિલ્ડીંગ કામ ચાલુ કરવામાં આવે, ગોધરાના પશ્ચિમ વિસ્તારના સિગ્નલ ફળીયા ગરનાળાની સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે, મેશરીમાં ચોમાસા દરમિયાન લોકોના ઘરોમાં પાણી ભરાવાની સમસ્યા છે. તેને લઈ મેશરી નદી ઉંડી કરી સ્વચ્છ કરવામાં આવે તેવા વિવિધ પ્રશ્નોનો યોગ્ય નિકાલ માટે લેખિત રજુઆત કરવામાં આવી.

## ગોધરા સાતપુલ વિસ્તારના ઈસમે વોટસએપ સ્ટેટ્સમાં પાકિસ્તાન તરફેણ કરતાં વિડીયો લાગણી દુભાવતા અટકાયત કરાઈ



ગોધરા, ગોધરાના પશ્ચિમના સાતપુલ વિસ્તારમાં રહેતા ઈસમે પોતાના મોબાઈલમાં વોટસએપ સ્ટેટ્સમાં પાકિસ્તાનની તરફેણ કરતાં વિડીયો મુકીને પાકિસ્તાન ઝીંદાબાદ લખીને સ્ટેટ્સ થકી લાગણી દુભાવમાં આવતાં ગોધરા એસ.એસ.જી.પોલીસે ઈસમની ૧૫૩ હેઠળ અટકાયત કરવામાં આવી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સાતપુલ મુસ્લીમ સોસાયટીમાં રહેતા વસીમ ઈબ્રાહીમ ભટુક દ્વારા પોતાના મોબાઈલ ફોનમાં વોટસએપ એપ્લીકેશનમાં સ્ટેટ્સમાં પાકિસ્તાનની તરફેણના વિડીયો અને પાકિસ્તાન ઝીંદાબાદનું લખાણ મુકીને લોકોની લાગણી દુભાવ તથા જ્ઞાતિઓ વચ્ચે દુશ્મનાવટ અને લાગણીને પ્રોત્સાહન મળે તેવું કૃત્ય કરી ગુન્હો કરતાં ગોધરા એસ.ઓ.જી. પોલીસે વસીમ ભટુકની અટકાયત કરી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.

## હાલોલના કંજરી ગામે ખેતરમાં સંતાડી રાખેલ ૧.૩૬ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના કંજરી કુંભારવાડામાં રહેતા બે ઈસમોએ ખેતરમાં તબેલામાં ઘાસમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૧,૬૮,૮૦૦/-લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના કંજરી ગામે કુંભારવાડામાં રહેતા જયદીપ ઉર્ફે મચ્છી હરીશભાઈ પરમાર અને કંપનભાઈ મોહનભાઈ પરમારે બન્ને ભેગા મળી ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને પોતાના ખેતરમાં તબેલાની બાજુમાં ઘાસમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસે રેઈડ કરી ૧ પ્લાસ્ટીક કવાટર પેટીઓ નંગ-૩ કિંમત ૭,૨૦૦/-રૂપીયા, બાઈક ૨૫,૦૦૦/-રૂપીયા મળી ૧,૬૮,૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ.

## ગોધરાના ગોન્દ્રા વિસ્તારના ઈદગાહ મહોલ્લામાં વીજ મીટર ચેકીંગમાં ગયેલ MGVCLની ટીમને અપશબ્દો બોલી ધકકા મારવામાં આવ્યા



ગોધરા, ગોધરા શહેરના ગોંદ્રા વિસ્તારના ઈદગાહ મહોલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમ દ્વારા વીજ મીટરોના ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. મીટર ચેકીંગ કરવા પહોંચેલ વીજ કંપનીના કર્મચારીઓને અપશબ્દો બોલીને ત્યાંના લોકો દ્વારા ધકમો મારી કાઢી મૂકી વાતાવરણને ડોહળવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

ગોધરાના ગોંદ્રા વિસ્તારમાં આવેલ ઈદગાહ મહોલ્લામાં આજે વહેલી સવારે મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ પોલીસ બંદોબસ્ત સાથે વીજ મીટર ચેકીંગ માટે ગયા હતા. ઈદગાહ મહોલ્લામાં મીટર ચેકીંગ માટે પહોંચેલ વીજ કર્મીઓની ટીમ સાથે સ્થાનિક રહિશો દ્વારા અપશબ્દો બોલીને ધકકા મારી સરકારી કામ કરતાં રોકીને વાતાવરણને ડોહળવાનો પ્રયાસ કરવામાં આવ્યો. વીજ કંપની દ્વારા આગામી દિવસોમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવશે.

## પંચમહાલ જીલ્લાના વાતાવરણમાં અચાનક પલ્ટા સાથે વાદળછાયું બનતાં કમોસમી વરસાદની શકયતાઓ

ગોધરા, પંચમહાલ જીલ્લામાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ અને ઠંડા પવનન લઈ વાતાવરણ ઠંડુગાર બન્યું છે સાથે જીલ્લામાં કમોસમી વરસાદ થવાની શકયતા દેખાઈ રહી છે. જેને લઈ ખેડુતો ચિંતામાં મુકાયા છે.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા બે દિવસથી ઠંડીનું પ્રમાણ ઘટયું હતું. પરંતુ આજે વહેલી સવાર થી વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. જીલ્લા સહિત ગોધરામાં વાદળછાયા વાતાવરણ અને બપોર બાદ ઠંડા પવનને લઈ વાતાવરણ ઠંડુગાર બન્યું છે. જીલ્લાના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની શકયતાઓ દેખાઈ રહી છે. શહેરા તાલુકામાં કમોસમી વરસાદ પડતાં ખેડુતોને ઉભા પાકો જેવાં કે, તુવેર, રાયડો, કપાસમાં નુકશાન થવાની ચિંતા વ્યકત કરી છે. બપોર બાદ ઠંડા પવનોને લઈ લોકો ગરમ વસ્ત્રોને બહાર કાઢયા છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા સહિત આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસતા માંવઠાની અસર જોવા મળી હતી. બદલાયેલા વાતાવરણના પગલે ખેડૂતો ચિંતિત થઈ ઉઠ્યા હતા.**

**પંચમહાલ જિલ્લાના શહેરા સહિત આસપાસના વિસ્તારમાં બુધવારની સવારથી જ વાતાવરણમાં બદલાવ આવ્યો હતો. કમોસમી વરસાદ શરૂ થતા ભરમાગશરમાં અષાઢી માહોલ છવાયો હતો. સાથે જ વાતાવરણમાં શિયાળાની શીતળતામાં વધારો જોવા મળ્યો હતો. જોકે, માવઠાના પગલે ખરીફ પાકને નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી હોવાથી ખેડૂતો પણ ચિંતિત થઈ ઉઠ્યા હતા.**

## ગોધરા ખાતે સીકયોરવેલ્યુ ઈન્ડીયામાં કસ્ટોડિયન તરીકે નોકરી કરતાં ઈસમે યુનિયન બેંક ATM માંથી ૪.૩૪ લાખ ઉપાડી નાખતાં ફરિયાદ

ગોધરા, ગોધરા શહેર ભાયરાઉ દેસાઈ રોડ ઉપર આવેલ યુનિયન બેંકના એટીએમ માંથી સીકયોર વેલ્યુ ઈન્ડીયા પ્રા.લી.માં સાઈડમાં કસ્ટોડિયન તરીકે નોકરી કરતા ઈસમે ૪,૩૪,૦૦૦/-રૂપીયા ઉપાડી અંગત ખર્ચના વાપરી નાખી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સરસ્વતી સોસાયટીમાં રહેતા મેહુલકુમાર સુરેશભાઈ ઉપાધ્યાય સીકયોર વેલ્યુ ઈન્ડીયા પ્રા.લી.માં ગોધરા સાઈડ કસ્ટોડીયન તરીકે નોકરી કરતા હોય જેણે ભાયરાઉ દેસાઈ રોડ ઉપર આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ મશીન માંથી ૪,૩૪,૦૦૦/-રૂપીયા ઉપાડીને પોતાના અંગત ખર્ચમાં વાપરી નાખી પરત નહિ ભરીને નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ.

## ખાદ્ય તેલના ભાવથી ઘટાડો થવા છતાં દાહોદમાં ફરસાણના ભાવ નહિ ઘટાડતા જીલ્લા કલેકટર અને પુરવઠા અધિકારીને રજુઆત

દાહોદ, તાજેતરમાં ખાદ્ય તેલના ભાવમાં જંગી ઘટાડો થયા બાદ દાહોદ શહેરમાં ફરસાણના ભાવોમાં ઘટાડો ન કરાતાં આ મામલે દાહોદ જિલ્લા નાગરિક વિકાસ સમિતિ, દાહોદ દ્વારા આ જિલ્લા કલેક્ટર, પુરવઠા અધિકારી, પ્રાંત અધિકારી અને મામલતદારને લેખિત રજુઆત કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી ખાદ્ય તેલોના ભાવોમાં ઘરખમ વધારો જોવા મળ્યો હતો. જેના કારણે ગૃહિણીઓના બજેટ પણ ખોરવાયાં હતા. ત્યારે સરકાર દ્વારા ખાદ્ય તેલના ભાવોમાં તાજેતરમાં ઘટાડો કરવામાં આવતાં ગૃહિણીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે દાહોદ શહેરમાં પણ ખાદ્ય તેલોના ભાવોમાં ઘટાડો થયાં છતાંય શહેર સહિત જિલ્લાના ફરસાણના વેપારીઓ દ્વારા ફરસાણના ભાવોમાં ઘટાડો કરવામાં આવ્યો ન હોવાના આક્ષેપો થવા પામ્યાં છે. ત્યારે આવા સમયે દાહોદ જિલ્લા નાગરીક વિકાસ સમિતિ, દાહોદ દ્વારા કલેક્ટરથી લઈ પુરવઠા અધિકારીને લેખિત રજુઆત કરી જણાવ્યું છે કે, છેલ્લા ઘણા સમયથી ખાદ્ય તેલ જેમાં કપાસીયા તેલ, સીંગતેલ, પામોલીન તેલના ૧૫ કિલો ડબ્બા દીઠ રૂા. ૭૦૦ થી ૮૦૦ અને પર કિલો પર રૂા. ૫૦ થી ૬૦ જેટલો માતબર ભાવનો ઘટાડો થવા છતાંય દાહોદ શહેર સહિત જિલ્લાના ફરસાણના વેપારીઓ ગ્રાહકોને ફરસાણનો ભાવ નહીં ઘટાડી ખુલ્લે આમ લુંટી રહ્યાં છે. જ્યારે ખાદ્યતેલનો ભાવ રૂા.૩૦૦૦ ડબ્બાનો હતો. ત્યારે ફરસાણનો ભાવ રૂા.૨૬૦ થી રૂા.૨૮૦, કચોરી, સમોસા રૂા. ૧૫ થી ૧૭ કરેલ હતો અને હાલમાં રૂા. ૭૦૦ થી ૮૦૦નો જંગી ભાવ ઘટાડો ખાદ્યતેલમાં થયેલ છતાંય ફરસાણના તમામ વેપારીઓ ભાવ નહીં ઘટાડી ગ્રાહકોને લુટતા હોય જેથી ફરસાણના વેપારીઓને કચોરી, સમોસા તેમજ અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના ભાવોમાં ઘટાડો કરવા સુચન, આદેશ કરવા અધિકારીઓને રજુઆત કરવામાં આવી હતી.

## ગોધરા તાલુકાના ટીમ્બા રોડ ઓમનગરના મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૯૬ હજારના દાગીનાની ચોરી કરી

ગોધરા, ગોધરા તાલુકાના ટીમ્બા રોડ ઓમ નગર સોસાયટીના મકાનને તસ્કરોએ નિશાન બનાવી દરવાજો તોડી ઘર માંથી સોના-ચાંદીના દાગીના કિંમત ૯૬,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ટીમ્બા રોડ ઓમ નગર સોસાયટીમાં રહેતા બ્રિજેશ બળવંતસિંહ બારીયાના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને ઘરના દરવાજો તોડી ઘરમાં તિજોરીમાં રાખેલ સોનાની વીંટી નંગ-૪ , ચાંદીના છડા, ચાંદીની મૂર્તિ, સોનાની ચેઈન મળી ૯૬,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## કાલોલની વૈભવ લક્ષ્મી સોસાયટીના બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યા : પોલીસ પોઈન્ટની માંગ



કાલોલ, કાલોલના બોરૂ ટર્નિંગ પાસે હાઈવે ઉપર આવેલી વૈભવ લક્ષ્મી સોસાયટીમાં બુધવારે વહેલી સવારે ત્રણ થી ચારના ગાળામાં સોસાયટીના ત્રણ જેટલા બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. તેમાંથી બે મકાનોના તાળા તોડવામાં તસ્કરો સફળ થયા હતા. દરવાજાના નકુચા તેમજ તિજોરી અત્યાધુનિક કટરો દ્વારા તોડી હોવાનું જણાતું હતું. તસ્કરોએ બે મકાનોની તિજોરી તેમજ પેટી પલંગનો સરસ સામાન વેરવિખેર કરી દીધો હતો. સ્થાનિક નાગરિકોએ પોલીસને જાણ કરતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી, પરંતુ મકાન માલિકો કાલોલ બહાર રહેતા હોવાથી હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાવા પામી નથી કે ચોરી અંગેની કોઈ વિગતો બહાર આવી નથી. સ્થાનિક સોસાયટીના રહીશો સાથે વાતચીત કરતા દિવસ દરમિયાન બંધ મકાનોની રેકી કરતી કોઈ ચોક્કસ ટોળકી હોવાની શંકા સ્થાનિકોએ દર્શાવી છે. આ ઉપરાંત આ વિસ્તારમાં કાલોલ પોલીસ સ્ટેશનનો કાયમી રાત્રી પેટ્રોલીંગ પોઈન્ટ મૂકવાની પણ સોસાયટીના નાગરિકોએ માંગ કરી છે.

## ગોધરાના શિમળાની મુવાડી ગામે તાલુકાકક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાયું




ગોધરા, ગોધરાના શિમળાની મુવાડી ગામે તાલુકાકક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવ્યું. પ્રદર્શનમાં ટેકનોલોજી અને રમકડાં વિષયને લઈ વિદ્યાર્થીઓએ પ્રદર્શનમાં અલગ-અલગ કૃતિઓ રજુ કરી પ્રદર્શનને જીલ્લા પંચાયત પ્રમુખ અને શિક્ષણ સમિતિ ચેરમેન દ્વારા ખુલ્લુ મુકવામાં આવ્યું. વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણના પ્રદર્શનમાં ૨૮૮ વિદ્યાર્થીઓ દ્વારા પાંચ વિભાગમાં થઈ ૧૪૪ અલગ-અલગ કૃતિઓ રજુ કરાઈ.

## હાલોલ જયોતિ સર્કલ પાસે સાયકલ લઈ જતાં યુવકને અજાણ્યા વાહન ચાલકે અડફેટમાં લઈ કચડી નાખતા મોત

હાલોલ, હાલોલ જયોતિ સર્કલ પાસેથી સાયકલ લઈને કોમ્પ્યુટર શીખવા જતાં ૨૪ વર્ષીય યુવકને અજાણ્યા વાહન ચાલોકે અડફેટમાં લઈ ટાયર ચડાવી દઈ મોત નિપજાવતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના બાસ્કા ખાતે રહેતા સુભમભાઈ રામબહાદુર પાલ ઉ.વ.૨૪ હાલોલના જયોતિ સર્કલ પાસેથી સાયકલ ઉપર કોમ્પ્યુટર કલાસ જતા હોય દરમિયાન કોઈ અજાણ્યા વાહન ચાલકે યુવકની સાયકલને અડફેટમાં લઈ ટાયર ઉપર ચડાવી દઈ કચડી નાખી મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.